યોજવામાં આવ્યો હતો. રાત્રિના સમયે એનસીસી કેડેટ્સ દ્વારા સિટીના પાલડી વિસ્તારથી કલેક્ટર ઓફિસ સુધીના વિસ્તારમાં ધાબળાઓ વિતરણ કરવામાં આવ્યાં હતાં.

## ...મેસેજ આપ્યો



...નાઓ, પ્રસંગો, ...ર ફોટા સાથે મોકલી ... મોકલી આપો ...દાવાદ.

ભાવનગર, સુરત, મહેસાણા, પોરબંદર, દહેગામ, પાલનપુરથી ૧૦૦ જેટલા પ્રજ્ઞાચક્ષુઓએ ક્રિકેટ, કબ્બડી, મ્યુઝિકલ ચેર, જેવી સ્પોર્ટ્સ ગેમ્સમાં ભાગ લઈને પોતાનું ટેલેન્ટ બતાવ્યું હતુ. અવાજ પરથી બોલને હિટ કરતા પ્રજ્ઞાચક્ષુઓને રમતા જોઈ સૌકોઈનું દીલ જીતી લીધું હતું.

## GCCIની ક્રિકેટ ટીમોનું ઓક્શાન યોજાયું



ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ(GCCI)ની યૂથ વિંગ દ્વારા ૬ ફેબ્રુઆરીથી સિટીમાં ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવશે. ક્રિકેટ ટૂર્નામેન્ટ પહેલા GCCI દ્વારા ટીમની ઓક્શાન ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ૬ ફેબ્રુઆરીથી યોજાનારી આ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ૪ મેલ અને ૩ ફિમેલ ટીમ પણ ભાગ લેશે. ટૂર્નામેન્ટમાં કુલ ૧૦૦થી વધારે પ્લેયર્સ ભાગ લેશે. કોરોનાની ગાઈડલાયન્સને ધ્યાનમાં રાખીને આ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવશે.

## ઓનલાઈન ચેર ટૂર્નામેન્ટનું આયોજન કરાયું

ગુજરાત કોમર્સ કોલેજ દ્વારા ઓનલાઈન ચેર ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૯૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ચેસ ટૂર્નામેન્ટમાં પ્રથમ ક્રમે આયુશ રાજપૂત, બીજા ક્રમે વિકાસ ખુશવાહ અને ત્રીજા ક્રમે નિખિલ મશરૂને વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં.

## લાયન્સ ક્લબ ઓફ કર્ણાવતી દ્વારા ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઇ



લાયન્સ ક્લબ ઓફ કર્ણાવતી દ્વારા સિટીના એસપી રિંગ રોડ પર ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬ ટીમોએ ભાગ લીધો હતો. ૧૬ ઓવરની મેચમાં ૮મી ઓવરે બોલને ચેન્જ કરી નાખવામાં આવ્યો હતો. ૩૧મીએ કર્ણાવતી પ્રીમિયર લીગની ફાઈનલ મેચ યોજાશે...

દિવ્ય ભાસ્કર કળશ 17-03-2021

CARRIER QUERY



# પરીક્ષામાં સારો રેન્ક મેળવવાની ટિપ્સ

થોડા જ સમયમાં સીબીએસઇ અને નીટ જેવી પરીક્ષાઓ શરૂ થવાની છે. તો આવો જાણીએ ટોપર્સની એવી ટિપ્સ જેની મદદથી પરીક્ષામાં સારી રીતે પરફોર્મ કરી શકાય છે.

**1 તમારા સ્ટડી પ્લાન પર દૃઢ રહી અમલ કરો :** પરીક્ષામાં સારા દેખાવ માટે દૃઢ સ્ટડી પ્લાન બનાવો અને તેને ફોલો કરો. નિયમિત રીતે અભ્યાસની ટેવ વિકસાવવા માટે ટોપર્સ સતત પ્રેક્ટિસ કરે છે. જેમ કે, કોઈ પ્રવૃત્તિને સતત 21 દિવસ સુધી કરવામાં આવે તો તે ટેવ બની જાય છે.

**2 70% સમય આપો પ્રેક્ટિસને :** ઘણા વિદ્યાર્થીઓ સિલેબસનો દરેક ટોપિક વાંચ્યા પછી પણ પરીક્ષામાં સારો દેખાવ કરી શકતા નથી. તેનું મુખ્ય કારણ છે પ્રેક્ટિસની ખામી. પરીક્ષામાં વધારે સારી રીતે યાદ રાખવા માટે પરીક્ષા પહેલાં ઇન્ફર્મેશનને વારંવાર યાદ કરવાની પ્રેક્ટિસ કરો.

**3 ગોખવાને બદલે ટોપિક પર ફોકસ કરો :** ટોપર્સ સમજવા પર વધુ ધ્યાન આપે છે. એ માટે તમે જે કંઈ વાંચતા હો તેને સંબંધિત કોન્સેપ્ટ્સ સાથે સાંકળો. એ યાદ રાખો કે વાંચવાથી તમે માત્ર 20% યાદ રાખી શકો છો, જ્યારે તમે સમજીને વાંચ્યું હોય અને પ્રશ્ન સોલ્વ કરીને સક્રિયતાથી ઇચ્છતા હો તો તમે 80% યાદ રાખી શકશો. એનાથી સારું પરિણામ આવશે.

**4 લર્નિંગ ટૂલ્સનો ઉપયોગ :** ટૂલ્સ અને ટેક્નિક્સનો ઉપયોગ કરો. મોક ટેસ્ટ આપીને જૂના પ્રશ્નપત્રો ઓનલાઇન સોલ્વ કરો. જે ટોપિક્સ નબળા હોય તે ટોપિક્સને સૌથી વધારે સમય આપો. મોટા ભાગના ટોપર નેમનિક્સ, ફ્લેશ કાર્ડ્સ, વિઝ્યુઅલ એડ્સ, માઇન્ડ મેપ્સનો ઉપયોગ વધારે સ્કોર માટે કરે છે.

**5 વિચારવાની અલગ રીત :** મોટા ભાગના ટોપર ફોક્સ્ડ થિંકિંગ કરે છે. તેઓ ડાયવર્જન્ટ થિંકિંગ કરે છે, જેમાં તેઓ એ વિષય વાંચે છે, જેને તેઓ વાંચવા ઇચ્છે છે. જો કોઈ ચેપ્ટરમાં કોઈ કોન્સેપ્ટ અંગે વાંચતા હો અને તેને કોઈ બીજા ચેપ્ટરના કોન્સેપ્ટ સાથે રિલેટ કરીને વાંચવા ઇચ્છતાં હો તો ડાયવર્જન્ટ થિંકિંગ મદદરૂપ બને છે. આ રીતે વાંચવાથી મેમરી રીટેન્શનમાં 80% મદદ મળે છે.

ગુજરાત સમાચાર

# શિક્ષણ ચારિત્ર્ય નિર્માણનું કાર્ય કરે છે

ગુરુ ગોવિંદસિંહને શિષ્યે ચાંદીના પ્યાલામાં પાણી આપ્યું. ગુરુએ તેના હાથ તરફ જોઈ કહ્યું; 'બેટા, તારો હાથ બહુ કોમળ છે'. શિષ્યે કહ્યું 'કોમળ જ હોયને ગુરુજી! ઘરમાં નોકર-ચાકર છે. પિતાજીની પેઢી છે. કદી હાથથી કોઈ કામ કરવું જ નથી પડતું'. ગુરુ ગોવિંદસિંહે કહ્યું કે 'તો આ પાણી હું નહીં પીઉ, જે હાથ કામ કરતાં નથી અને માત્ર સુખ-સુવિધાઓ ભોગવ્યા કરે છે. તેને પવિત્ર કેમ કહેવાય?'

નૈતિકતાની નદી સમાજસાગરને ઊંડાઈ બક્ષી શકે છે. કોઈ પણ રાષ્ટ્રના ઉત્થાનનો આધાર તે રાષ્ટ્રની પ્રજાના ચારિત્ર્યના ચલચિત્ર પર રહેલો છે. પેપર ફૂટવાની ઘટના દેશભરના રાજ્યોમાં ઘણી વખત બનતી રહે છે. તાજેતરમાં ગુજરાતમાં પેપર ફૂટવાનો મુદ્દો ગાજ્યો હતો. પેપર નથી ફૂટ્યું, આપણી વધુ પડતી અપેક્ષાઓ ફૂટી છે. પેપર પહેલા ચારિત્ર્ય ફૂટે છે. પેપર ફૂટવા માટે માત્ર સરકાર જવાબદાર છે તેમ કહી છટકી જવું સહેલું છે. અબ્રાહમ લિંકને લોકશાહી વિશે ભાષણ આપતા કહેલું કે જે દેશની પ્રજા બધુ સરકાર જ કરશે તેમ કહી હાથ પર હાથ રાખી બેસી રહેશે તેવા દેશમાં લોકશાહી ક્યારેય સફળ થશે નહીં. સરકાર કરતા લોકોનો સહકાર મોટો શબ્દ છે.

પેપર ફોડનારનો કોઈ ધર્મ, જાતિ કે જ્ઞાતિ હોતી નથી. અપેક્ષાઓનો બોજ, કોચિંગ ક્લાસની ફી, પરીક્ષાનો હાઉ અને સફળતાનો શોર્ટકટ અંતે કુવિચારના કારખાને લઈ જાય છે. શોર્ટ કટ હંમેશા લાંબો પડતો હોય છે. આવી દયનીય દુર્ઘટના સમાજના તમામ વર્ગ માટે ચિંતા અને ચિંતન કરતાનો વિષય છે. 'હેમલેટ' નાટકના એક સંવાદમાં રોઝેનક્રાંટ્ઝ કહે છે કે 'દુનિયા પ્રામાણિક થઈ ગઈ છે' ત્યારે હેમલેટ કહે છે કે 'કયામતનો દિવસ નજીક છે' આપણી ભ્રષ્ટ વ્યવસ્થા પર શેક્સપિયર ચચરાવી દે એવું ચાબુક મારે છે.

સારું છે કે આપણી પાસે પ્રેસ(અખબાર) છે જેથી ફૂટેલા પ્રેસને ઉઘાડા કરી શકીએ. 'પેપર ફૂટવાની ઘટનાના મૂળમાં આપણી શિક્ષણ વ્યવસ્થા છે', માર્કસની મેરેથોન અને રેન્કની રેસમાં આપણે માનવતાનું રેંકિંગ નીચે જઈ રહ્યું છે. શિક્ષણના વ્યાપની સાથે-સાથે ગુનાખોરીનો ગ્રાફ પણ એટલો જ વધ્યો છે. ભૌતિકતાની ભાગદોડમાં 'સફળતા એ જ અંતિમ પડાવ છે' તેમ આપણે માની લીધું છે. 'ભણવું એટલે સરકારી નોકરી' એ માનસિકતામાંથી બહાર આવવાની જરૂર છે. ભણેલો માણસ ધંધો પણ ઉત્તમ કરી શકે છે.

'વિદ્યાર્થી ચેત્ ત્યજેત્ સુખમ્' સુખ અને સુવિધા સાથેના આધુનિક શિક્ષણમાં મૂલ્યોને ક્યાંય સ્થાન છે ખરું ? ટેસ્ટમાં કરતાં ટ્વેન્ટી-ટ્વેન્ટીમાં વધુ રસ ધરાવતા યુવાનોને પલાંઠીના પ્રવાસો વિશે કેમ



સમજાવવું ? સેન્સેક્સમાં ચઢાવ-ઉતારની, ભાવોમાં વધઘટની જાહેરમાં ચિંતા કરતાં આપણે સૌએ નૈતિક મૂલ્યોના ઈંડેક્સ અંગે ચર્ચા કરતાં નથી. તેથી જ નાની પાલખીવાલા યુનિવર્સિટીની સ્થિતિ જોઈને બોલેલા, 'આપણે નૈતિક્તામાં નિરક્ષરો પેદા કરીએ છીએ'. આખી વ્યવસ્થામાં વ્યામોહનાં વાદળો છવાયેલાં છે. 'મનમેં હૈ વિશ્વાસ, પુરા હૈ વિશ્વાસ, હમ હોંગે કામિયાબ' હવે શાળાની પ્રાર્થના સભામાં પણ નથી ગવાતું. 'વિદ્યા ધનં સર્વ ધનં પ્રધાનમ' હવે માત્ર નિશાળના પાટિયા પર જ વંચાય છે.

ઘણાને મોટી ઉંમરે પણ પરીક્ષાના સપનાં આવતાં હોય છે. એનું કારણ વિદ્યાર્થી અવસ્થા દરમિયાન પરીક્ષાનો 'હાઉ' એવો હોય છે કે એ કેવી રીતે (How)દૂર કરવો એ ૧૦૦ માર્કનો પ્રશ્ન છે. 'પરીક્ષા ન હોય તો...' આ વિષય પર નિબંધ સ્પર્ધા યોજવામાં આવે તો દરેક વિદ્યાર્થીનો પ્રથમ નંબર આવે. વાંચીને કંટાળેલો વિધાર્થી ફ્રેશ થવા ટીવી ચાલુ કરે ત્યાં અમરીશપુરી જેવા પિતા પ્રગટ થાય 'તારે હજુ જિંદગી બનાવવાની છે' એમ કહી ટીવી બંધ કરે. 'પરીક્ષા પહાડ નથી પીંછુ છે' એમ સમજાવી વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરવાથી પરિણામમાં બહુ મોટો ફર્ક આવશે. આજકાલ તો વિદ્યાર્થી કરતા શિક્ષકની પરીક્ષા વધારે હોય છે કે આ બધા 'હોશિયાર'ને પાસ કેમ કરવા? પરીક્ષાની ચિંતા વિદ્યાર્થી કરતા વાલીઓને વધુ હોય છે. સાંદીપનિના આશ્રમથી શરુ થયેલ સ્વૈચ્છિક શિક્ષણ પ્રણાલી કોન્વેટિયા કલ્ચરમાં સફળ થાય? એકવાર પ્રાથમિક શાળાના બાળકને પૂછવામાં આવ્યું કે 'સ્કૂલમાં સૌથી વધુ શું ગમે?' તો તરત જવાબ મળેલો. 'વેકેશન'. સ્વતંત્રતાના ૭૫ વર્ષો પછી પણ દરેક વાલીએ બાળકના ૭૫ ટકા પાછળ દેખીતી દોટ મૂકી છે અને હવે એ દોટ ૮૫-૯૦ ટકાએ પણ અટકતી નથી.

આજે જીવનના બે દાયકા સુધી શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી નથી એ રોજગારીને લાયક કે નથી લાયકને લાયક. માત્ર ઉંમરલાયક છે. તેથી જ ભણતર કે શિક્ષણ કરતા 'કેળવવું' શબ્દ જુદો પડે છે. ટોલ્સટોયને કોઈએ લોખંડનો ટુકડો બતાવીને પૂછેલું કે આની કિંમત કેટલી? ટોલ્સટોયે માર્મિક જવાબ આપેલો, 'તમે તેને કઈ રીતે કેળવો છો, તેના પર તેની કિંમત નક્કી થાય. આમ તો આના આઠ આના ઉપજે. નાની-નાની સોય બનાવો તો થોડું વધારે ઉપજે. ઘડિયાળના ઝીણા સ્પેરપાર્ટસ બનાવો તો ઘણું વધારે ઉપજે.' આજના યુવાનોને કેળવવામાં આપણે ક્યાંક ઉણા ઉતર્યા હોય તેમ લાગે છે. આપણી ગુરુકુળ પરંપરામાં કૌશલ્યની સાથે-સાથે મનુષ્યને ઉત્તમ મનુષ્ય કેમ બનાવી શકાય તેનું વિશેષ મહત્વ હતું. સ્વામી વિવેકાનંદ શિક્ષણની વ્યાખ્યા આપતા કહે છે 'Man making and Character Building'. નૂતન શિક્ષણનીતિએ આ માટે આશાનું કિરણ છે. આ નીતિથી ભારતમાં ખોવાયેલા નચિકેતા, વિવેકાનંદ અને કલામ આપણને પાછા મળશે?

- ડૉ. જયેન્દ્રસિંહ જાદવ

## લાસ્ટ બેંચ

અભિમાનથી માણસ ફૂલાઈ શકે પણ ફેલાઈ નથી શકતો. -રસ્કિન

## એનિડ બ્લાઈટન : જેમનું બાળસાહિત્ય ૯૦ ભાષામાં પ્રસિદ્ધ થયું છે



એનિડ બ્લાઈટનનો જન્મ ૧૧ ઓગસ્ટ, ૧૮૯૭ના રોજ લંડનમાં થયો હતો. આ મહિલા લેખિકા તેમનાં બાળસાહિત્યના સર્જનના કારણે દુનિયાભરમાં વિખ્યાત છે. 'ચાઈલ્ડ વિસ્પર્સ' નામનું ૨૪ પાનાનું કવિતાનું નાનકડું પુસ્તક લખીને તેમણે ૧૯૨૨માં બાળસાહિત્યસર્જનની શરૂઆત કરી હતી. શિક્ષક તરીકે પણ તેઓ સક્રિય રહ્યાં હતાં અને પ્લેસ્કૂલ ચલાવતા હતા. એ સમયગાળામાં જ તેમને બાળકો માટે સાહિત્ય સર્જવાનો વિચાર આવ્યો હતો. ૧૯૩૦ના દશકાથી તેમનું બાળસાહિત્ય વિશ્વભરમાં બેસ્ટસેલર છે. તેમનાં પુસ્તકોની ૬૦ કરોડ કરતાં વધુ નકલો વેંચાઈ છે. તેમનું બાળસાહિત્ય વિશ્વની ૯૦ ભાષામાં પ્રસિદ્ધ થયું છે. ૨૦૧૮માં એક સર્વેક્ષણમાં જણાયું હતું એ પ્રમાણે એનિડ બ્લાઈટન દુનિયાના મોસ્ટ ટ્રાન્સટેડેટ ઓથરની યાદીમાં ચોથા ક્રમે હતાં. એજ્યુકેશન, રહસ્યકથાઓ, કાલ્પનિકકથાઓ, ચરિત્રલેખન સહિતના ક્ષેત્રે તેમણે વિશાળ લેખન કર્યું છે. સાહસકથા ફેમસ ફાઈવ, ધ ફાઈવ ફાઈન્ડ આઉટર્સ, મેલોરી ટાવર્સ જેવા પુસ્તકો આજેય એટલા જ લોકપ્રિય છે. તેમને એવી લોકપ્રિયતા મળી હતી કે એક વર્ષમાં ૫૦ પુસ્તકો પ્રસિદ્ધ થયાનો રેકોર્ડ પણ નોંધાયો હતો. સામાયિકો અને અખબારોનું લેખન તો અલગ! એનિડના નામે ૭૦૦ પુસ્તકોનું સર્જન બોલે છે. જોકે, આટલું જથ્થાબંધ લખવાના કારણે કેટલાક ટીકાકારોએ તેમની ગુણવત્તા પર સવાલો ઉઠાવ્યા હતા. કેટલાક વિવેચકો તેમની સાહસકથાઓમાં સમાનતા શોધી કાઢતા હતા. એનિડ પર સંશોધનો કરનારા સંશોધકોએ શોધી કાઢ્યું છે કે તેમણે ત્રણ દશકા સુધી દરરોજ સરેરાશ ૧૦,૦૦૦ શબ્દોનું સર્જન કર્યું હતું. તેમના વિપુલ સર્જન પછી એ ગાળામાં તેમના વિરોધીઓએ એવી પણ અફવા ફેલાવી હતી કે એનિડે 'ઘોસ્ટ રાઈટર્સ'ની ટીમને નોકરીએ રાખી છે. એ બધી અટકળો, આરોપો, અફવાઓ વચ્ચે હકીકત એ છે કે તેઓ સૌથી આજેય વધુ વંચાતા અને વેંચાતા બાળસાહિત્યકાર છે. તેઓ હળવીશૈલીમાં શિક્ષણ આપવાના હિમાયતી હતાં તેમણે પ્લેસ્કૂલમાં એવા પ્રયોગો કર્યા હતા. ૧૯૫૨માં તેમણે 'ધ સ્ટોરી ઓફ માય લાઈફ' નામની આત્મકથા લખી હતી. તેમણે તેમનાં બાળસાહિત્યસર્જન માટે લખ્યું છે : 'મારી અંદર એક સિનેમા સ્ક્રીન છે. એ હું સતત જોતી રહું છું. એ જોઈને હું લખતી રહું છું'.

દિવ્ય ભાસ્કર

કળશ 17-03-2021

RIGHT APPROACH

# એમબીએ પહેલાં અનુભવ લેવો વધારે સારું રહેશે?

એમબીએ કરવાનું સપનું જોતાં દરેક એસ્પિરન્ટને મનમાં એવું થાય કે પહેલાં કામનો કોઈ અનુભવ લેવો જરૂરી છે કે પછી સીધું એમબીએમાં એડમિશન લેવાનું વધારે યોગ્ય રહેશે? વાસ્તવમાં એવી અનેક બિઝનેસ સ્કૂલ્સ છે, જે વિદ્યાર્થીઓને કામના અનુભવ વિના પણ એડમિશન આપે છે, પણ પ્રોફેશનલ એક્સપર્ટ્સના મતાનુસાર એક કે બે વર્ષનો અનુભવ વિદ્યાર્થીઓને સ્પર્ધામાં અન્ય વિદ્યાર્થીઓથી અગ્રેસર રાખે છે. જો તમે પણ આ દ્વિધા અનુભવતા હો તો લાભ અને નુકસાનનું મૂલ્યાંકન તમને નિર્ણય લેવામાં મદદરૂપ નીવડશે.



- એક ફ્રેશરને એમબીએમાં એડમિશન લીધા પછી મધ્યમ કે નિમ્ન મેનેજમેન્ટ લેવલ પર પ્લેસ કરવામાં આવશે. જ્યારે થોડા સમયનો અનુભવ ધરાવનારા ઉમેદવારોને તેનાથી ઉપરના (હાયર) લેવલમાં લેવાશે.
- કોર્પોરેટ વર્લ્ડમાં થોડો સમય કામ કર્યા પછી તમારામાં મહત્ત્વપૂર્ણ સોફ્ટ સ્કિલ્સ ડેવલપ થાય છે. જેમ કે, ઈન્ટરપર્સનલ અને કમ્યુનિકેશન સ્કિલ્સ જે ભવિષ્યમાં તમારા માટે લાભકારક નીવડશે.
- અનુભવી ઉમેદવાર મેનેજમેન્ટના નિયમોને વધારે સારી રીતે સમજશે. આ ઉપરાંત પડકારો માટે રિયાલિસ્ટિક ઉદાહરણ અને કેસ સ્ટડીઝ રજૂ કરશે.
- એડમિશન દરમિયાન તમામ પેરામીટર્સ સમાન હોવા છતાં અનુભવી ઉમેદવારને પ્રાથમિકતા મળવાની શક્યતા વધારે રહે છે.
- કેમ્પસ પ્લેસમેન્ટ દરમિયાન અનુભવથી અલગ કોઈ ઈન્ડસ્ટ્રી માટે એપ્લાય કરવાથી તમારા ભૂતકાળનો અનુભવ માન્ય નહીં રહે.

# ગુજરાત કોમર્સ કોલેજના સ્ટુડન્ટ્સે ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ કર્યા




ગુજરાત કોમર્સ કોલેજના સ્ટુડન્ટ્સ દ્વારા ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ તથા પોસ્ટર મેકિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્ટુડન્ટ્સને હેમાલી મહેતા દ્વારા આર્ટને શીખવવામાં આવી હતી. સ્ટુડન્ટ્સે કુદરતી સૌંદર્યથી લઈને પર્યાવરણને થઈ રહેલા નુકસાનને પર પોસ્ટર મેંકિગ દ્વારા વિચારને પ્રસ્તુત કર્યા હતા.

# THE KING NEWS
MAGAZINE, WEB TV CHANNEL સુરતથી પ્રકાશન 26-10-2021
CHIEF EDITOR -VIJAY GAJERA SURAT (GUJARAT) HELP LINE 7383268521



Heartist
ART gallery
Rajesh Baraiya (9426562651)









## ON THE SPOT POSTER MAKING

ગુજરાત કોમર્સ કોલેજના સ્ટુડન્ટ્સને યૂથ ફેસ્ટિવલ નિમિત્તે **ON THE SPOT POSTER MAKING** ની તૈયારી અને માર્ગદર્શન માટે **JALSA ART** ના હેમાલી મહેતાએ સુંદર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.સાથે સાથે પોસ્ટર ને લગતી માહિતી આપી હતી.
આ સેમિનારમાં વિદ્યાર્થી મિત્રો એ બહુ જ ઉત્સાહથી ભાગ લીધો હતો અને બ્યુટીફુલઆર્ટ વર્ક તૈયાર કર્યા હતા. ઉપરાંત, આવેલ મહેમાનો સાથે આ સેમિનારમાં ઉત્સાહભેર ભાગ લેનાર ડોક્ટર જ્યોત્સના બેન પટેલ **(**ગુજરાત કોમર્સ કોલેજ**),** ડો.હેમલ શાહ (સપ્તધારા ચેર પર્સન **GCC)**અને ડો. ભૂમિ વામજા **(**ફાઇન આર્ટ ચેર પર્સન **GCC)**એ વિધાર્થીઓના ઉત્સાહ માં વધારો કર્યો હતો. જલસા આર્ટ દ્વારા હેમાલી મહેતા એ પેઇન્ટિંગ ને લગતી જરૂરી માહિતી આપી સાથે સાથે પ્રેકટીકલ ડેમો આપી વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.














Creation: Ridham

દિવ્ય ભાસ્કર

અમદાવાદ 15-03-2021

પોઝિટિવ ન્યૂઝ • ઈનોવેશન અંગે છત્તીસગઢના મુંગેલીથી રિપોર્ટ

# બાળકો અંગ્રેજીથી ગભરાતા હતા, પુસ્તકોના બદલે વૃક્ષ-છોડ, માટીની મદદથી ભણાવ્યા

સંદીપ રાજવાડે - રાયપુર

છત્તીસગઢના પાટનગર રાયપુરથી અંદાજે 100 કિ.મી. દૂર મુંગેલી જિલ્લો છે. સામાન્ય સ્કૂલોથી અલગ અહીંની એક સરકારી સ્કૂલમાં ભણતર ચાર દીવાલોની અંદર નથી થતું. સ્કૂલ અંગ્રેજી માધ્યમની છે. તેથી બાળકોમાં અંગ્રેજીનો ડર પેસી ગયો હતો. ભાષાની આ દીવાલને સરકારી સ્કૂલના શિક્ષકો ભેગા મળીને પાડી રહ્યા છે. તેઓ બાળકોને પ્રકૃતિની વચ્ચે લઈ આવે છે. ઈનોવેશન દ્વારા પુસ્તકોના જટિલ પાઠ, વિજ્ઞાનના પ્રયોગો બાગ-બગીચા, માટી, ફૂલો વડે સમજાવે છે. ધીમે-ધીમે બાળકોનો ડર દૂર થઈ રહ્યો છે અને અંગ્રેજી પ્રત્યેનો ખચકાટ પણ ગાયબ થઈ રહ્યો છે. મુંગેલીના આ નવા પ્રયોગથી અન્ય સરકારી સ્કૂલો પણ પ્રેરિત થઈ રહી છે.

આ ઈનોવેશન પાછળ સરકારી ઈગ્નાઈટ ઈંગ્લિશ મીડિયમ, મિડલ અને પ્રાઈમરી સ્કૂલમાં અંગ્રેજી તથા વિજ્ઞાન ભણાવતા શિક્ષિકા સ્વાતિ પાન્ડેનું ભેજું છે. સરકારે 3 વર્ષ પૂર્વે જ અહીં પ્રાયોગિક ધોરણે અંગ્રેજી માધ્યમની સ્કૂલ ખોલી છે. સ્વાતિ જણાવે છે કે મિડલ સ્કૂલમાં 2-18-19ના સત્રમાં પ્રથમ વર્ષે ધોરણ-5 પાસ 3 બાળકોએ પ્રવેશ લીધો. આ વિસ્તારમાં મોટાભાગે શ્રમિકો અને ખેડૂતોના બાળકો છે.



## પહેલાં ડર દૂર કર્યો, હવે સમજ વધારી રહ્યા છે

સ્વાતિ જણાવે છે કે બાળકોનું અંગ્રેજી એબીસીડી સુધી જ મર્યાદિત હતું. તેઓ બાળકોને ખુલ્લા બગીચામાં ભણાવવા લાગ્યા. વિજ્ઞાનના ઘણાં પાઠ હવા, પાણી, માટી, વૃક્ષ-છોડ અંગેના હોવાથી બાળકોને પુસ્તકિયું જ્ઞાન ન આપતા બહાર બગીચામાં પ્રકૃતિ, વૃક્ષ-છોડનો અહેસાસ કરાવીને ભણાવાય છે. આમ કરવાથી બાળકો ગોખણપટ્ટી કરવાના બદલે સમજે છે. તેમના મનમાંથી ડર ઘણો દૂર થઈ ગયો છે. તેમનું અંગ્રેજી ધીમે-ધીમે સુધરી રહ્યું છે. 3 બાળકોથી શરૂ થયેલા સત્રમાં આજે 8મા ધોરણમાં 51, 7મામાં 21 અને છઠ્ઠા ધોરણમાં 10 વિદ્યાર્થી છે.

બાળકો ઉપરાંત વાલીઓને પણ ડર હતો કે તેમનું બાળક ફેલ થઈ જશે. શિક્ષકો માટે પહેલો પડકાર તેમને સ્કૂલમાં પ્રવેશ અપાવવાનો હતો. સ્વાતિએ વાલીઓને સમજાવ્યું કે આજે હિન્દી ઉપરાંત અંગ્રેજીનું શિક્ષણ કેટલું જરૂરી છે? સ્કૂલના અન્ય બે શિક્ષક- પરમેશ્વર દેવાંગન અને મનકૃષ્ણ ચંદ્રાકર પણ બાળકોને પ્રેરિત કરે છે.

આ વર્ષે કોરોનાને કારણે ઘણાં બાળકો ધોરણ-6માં એડમિશન ન લઈ શક્યા. શિક્ષકોએ તેમને ઓનલાઈન અને ઓફલાઈન ભણાવ્યા. જે બાળકો ઓનલાઈન નહોતા ભણી શકતા તેમને ઘેર-ઘેર જઈને ભણાવ્યા. શહેરની વચ્ચે એક સરકારી ગાર્ડન છે, જે લગભગ બધા બાળકોને નજીક પડતું હોવાથી તેમને ત્યાં બોલાવીને સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે ભણાવાય છે.

SSI

# NEXT-GEN FILLIP





**Parth.Shastri**
@timesgroup.com

Broadening the base of student-led innovations in Gujarat, the state government launched the Student Startup and Innovation Policy (SSIP) 2.0 on Wednesday, during the inaugural session of the International Conference of Academic Institutions. It was a part of the Vibrant Gujarat Global Summit (VGGS).

VIBRANT GUJARAT 2022

State education department officials said that the first phase of the SSIP had

one of its kind initiatives of this scale to promote student-led innovations," said S J Haider, principal secretary (education). "The biggest takeaway is the scope. The policy reaches school level and includes those who dropped out of school or college, and alumni of up to 35 years of age."

Officials added that the focus will be on all streams and not just tech-based innovations.

Some of the features include a grant of up to Rs 5 crore to start innovation and acceleration activities and a grant of up to Rs 2 crore to institutes under the same head. Other aspects include

**SEIZE THE DAY!** Several official AICTE, NITI Aayog, NCERT, and NB Institutes seized the opportunity campuses probably to facilitate a

## WHAT'S NEW

**FINANCIAL SUPPORT IN 5 YRS**
- Rs 200 cr
- Rs 500 cr

**GOVT BUDGET ALLOCATION**
- Rs 100 cr
- Rs 300 cr

**OUTREACH**
- 10L students from higher and technical education
- 15Lstudents from higher, technical education; 35L from schools

**STAKEHOLDERS**
- State-based